# સાબરકાંઠામાં અષાઢી માહોલ : ઝરમર વરસાદથી ઠંડક

## જિલ્લામાં ૧ થી ૧૬ મીમી વરસાદ પડ્યો : આખો દિવસ ચાલુ રહેલા વરસાદથી માંખી-મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠાવાસીઓ કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે મંગળવારે રાતથી શરૂ થયેલો ઝરમર વરસાદ બુધવાર આખો દિવસ ચાલુ રહેવા પામ્યો હતો. જેના લીધે વાતાવરણમાં ઠંકડ પ્રસરી હતી. જોકે થોડાક ઉકળાટ ચાલુ રહેવાને કારણે વધુ વરસાદ થવાની શક્યતા નકારી શકાતી નથી. જિલ્લામાં બુધવારે સવારથી બપોર સુધીમાં સરેરાશ ૧ થી ૧૬ મીમી. વરસાદ પડ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહી સમાપ્ત થઈ ગયા બાદ એકાએક વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે મંગળવારે બપોર બાદ આકાશમાં ચઢી આવેલા વાદળોએ મહેરબાની કરતા જિલ્લામાં અનેક ઠેકાણે ઝરમર વરસાદ પડ્યો હતો. દરમ્યાન બુધવારે સવારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં અંદાજે ૧૦ મિનિટ સુધી પડેલા વરસાદને કારણે ઠેરઠેર વરસાદી પાણીના ખાબોચિયા ભરાઈ જવા પામ્યા હતા.

ડિઝાસ્ટર વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે સવારે ૬ થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ખેડબ્રહ્મામાં ૫, તલોદમાં ૩, પ્રાંતિજમાં ૧, વડાલીમાં ૪, હિંમતનગરમાં ૭ જ્યારે વિજયનગર પંથકમાં ૧૬ મીમી. વરસાદ પડ્યો હતો. વિજયનગર પંથકમાં પડેલા વરસાદને કારણે ઉનાળામાં ડુંગરો પર સુકાઈ ગયેલ ઝાડ ફરીથી વરસાદી પાણી મળતા લીલાછમ બની ગયા હતા. અને અત્યારે વાતાવરણમાં પ્રસરી રહેલી ઠંડકને કારણે નજારો પણ આહલાદક બની ગયો છે.

મંગળવારથી શરૂ થયેલો વરસાદ બુધવારે આખો દિવસ ધીમી ધારે ચાલુ રહેવાને કારણે જિલ્લામાં અનેક ઠેકાણે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના લીધે આગામી દિવસોમાં જિલ્લામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગ માથુ ઉંચકે તેવી સંભાવના દેખાઈ રહી છે. જિલ્લાના પોશીના વિસ્તારને બાદ કરતા અન્ય ૬ તાલુકાઓમાં પડી રહેલા વરસાદને લીધે મગફળી અને કપાસના પાકને આંશિક જીવનદાન મળ્યું છે. બીજી તરફ બુધવારે આખો દિવસ આકાશ વાદળછાયુ રહ્યુ હોવાને કારણે જિલ્લાવાસીઓને બાફ અને ઉકળાટમાંથી થોડીક રાહત થઈ છે અને વરસાદી માહોલને લીધે આગામી બે-ત્રણ દિવસમાં જિલ્લામાં સર્વત્ર વાવણીલાયક વરસાદ થવાની શક્યતા છે. હાલ પડી રહેલા વરસાદને કારણે જિલ્લાના જે તાલુકાઓમાં લીલા ઘાસચારાની અછત વર્તાતી હતી ત્યાં પડતર જમીનમાં વરસાદને કારણે ઘાસ ઉગીને તૈયાર થતા મુંગા પશુઓને પણ ફાયદો થશે.








## અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં આનંદ... શામળાજી ને.હા.નં-૮ પર પાણી ફરી વળ્યું

અરવલ્લી જીલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી સતત વાદળછાયુ વાતાવરણ છવાયેલુ છે, પરંતુ વરસાદ ના આવતાં વાતાવરણમાં ઉકળાટ વધ્યો છે. અસહ્ય ઉકળાટ વચ્ચે જીલ્લાવાસીઓ હેરાન-પરેશાન થઈ ચૂક્યાં હતા. જીલ્લાના વાતાવરણમાં ગત રાત્રીએ શરુ થયેલા વરસાદ અને રથયાત્રાના દિવસે ઝરમર-ઝરમર સાર્વત્રિક વરસાદ બીજા દિવસે પણ યથાવત રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખેડૂતોમાં આનંદ છવાયો હતો. આ સિવાય નેશનલ હાઈ-વે ઉપર પણ પાણી ભરાયા હતા. અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ જમ્યો છે. વહેલી સવારથી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબક્યો હતો જેના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક રોડ પર પાણી ફરી વળતા અને પાણી ભરાતા વાહનચાલકોને પણ મુશ્કેલી સર્જાઈ હતી. ધોળા દિવસે વાહન ચાલકોને લાઈટો ચાલુ કરવી પડી હતી. જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ વરસાદ ખાબક્યો હતો. વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધરતી પુત્રોમાં ખુશાલી છવાઈ હતી.



## ધાનેરામાં મેઘરાજાનું આગમન

ધાનેરા વિસ્તારમાં ગત મોડી રાત્રે ભારે પવન સાથે મેઘરાજાનું આગમન થયું હતું અને મેઘરાજાનું આગમન થતાં ઠેરઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ દર વખતની જેમ વીજળી ગુલ થઈ ગઈ હતી અને સમગ્ર ધાનેરા શહેરમાં અંધારપટ છવાયો હતો.

ધાનેરા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી અસહ્ય ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા તો બીજી તરફ ગત મોડી રાત્રે ભારે પવન સાથે મેઘરાજાનું આગમન થયું હતું. મેઘરાજાનું આગમન થતાં ધાનેરાના જાહેર રસ્તાઓ તેમજ નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. બીજી તરફ વીજળી ગુલ થઈ જતાં સમગ્ર શહેરમાં અંધારપટ છવાયો હતો અને મોડે સુધી વીજળી ન આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ લોકોએ જણાવ્યું હતું કે ધાનેરા વિદ્યુત બોર્ડના કર્મચારીઓ જ્યારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે છે.



# અમદાવાદમાં રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન

## રજવાડી ઠાઠ અને દિવ્યતા સાથે જગતના નાથની રથયાત્રા : શણગારેલ ૧૭ ગજરાજો, ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા અને ૧૮ ભજનમંડળીએ જમાવેલું આકર્ષણ : જય જગન્નાથ, જય રણછોડના નારાથી ભક્તિમય માહોલ

અમદાવાદ, તા.૪

શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૪૨મી રથયાત્રા આજે ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવના વાતાવરણ વચ્ચે નીકળી હતી અને ભારે રંગચંગે અને શાંતિપૂર્ણ માહોલમાં આખરે સંપન્ન થઇ હતી. આ વખતે રથયાત્રામાં ૧૪૨ વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજી નગરજનોને રજવાડી વેશના મનમોહક સ્વરૂપમાં જાજરમાન રજવાડી ઠાઠ સાથે દર્શન આપ્યા હતા. સોનાના હીરા-માણેક જડિત મુગટ અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગારમાં રથમાં બિરાજમાન જગતના નાથ જગન્નાથજી ભગવાનના રજવાડી વેશ સ્વરૂપના દિવ્ય અને અલૌકક દર્શન કરી લાખો શ્રધ્ધાળુ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર વર્ષમાં આ એક જ દિવસ એવો હોય છે કે, ખુદ જગતનો નાથ તેના ભકતો અને દીનદુઃખીયોને સામે ચાલીને દર્શન આપવા તેમના ઘરઆંગણે આવે છે, જેથી રથયાત્રામાં ભગવાનના દર્શન કરવા આજે લાખોનો માનવમહેરામણ શહેરના માર્ગો પર જાણે કિડિયારાની જેમ ઉભરાયો હતો. ઐતિહાસિક અને અનન્ય મહાત્મ્ય ધરાવતી રથયાત્રાને લઈ આજે શહેરમાં જાણે ભકિતનું ઘોડાપૂર ઉમટયું હતું. જય જગન્નાથ, જય રણછોડના ભકિતનારા સાથે શહેર આખું જાણે જગન્નાથમય બન્યું હતું. જગન્નાથમંદિરમાં રાત્રે એક વાગ્યાથી જ હજારો શ્રધ્ધાળુઓની ભીડ જમા થવાનું શરૂ થઈ ગયું હતું.



મંદિરના મહંત દિલીપદાસજી દ્વારા વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરવામાં આવી હતી, જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પરિવારજનો સાથે હાજર રહ્યા હતા. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાઈ હતી. ત્યારબાદ પરંપરા મુજબ, ભગવાનને ખીચડી, કોળા-ગવારફળીનું શાક અને દહીંનો ભોગ-પ્રસાદ ધરાવાયો હતો. સવારે ૫-૪૫ કલાકે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામને ત્રણેય રથોમાં બિરાજમાન કરાયા હતા.

સુંદર રીતે શણગારાયેલા ગજરાજોને સૌથી પહેલા ભગવાનના દર્શન કરાવાયા હતા અને ત્યારબાદ ૭-૦૫ મિનિટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે સોનાની સાવરણથી પહિંદવિધિ બાદ તેઓએ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. રથયાત્રા જેવી મંદિર પરિસરથી શરૂ થઈ કે જય જગન્નાથ, જય રણછોડના ભકિતનારા ગુંજી ઉઠયા હતા, જાણે ભકિત અને પ્રેમનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો હોય. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝા સહિતના મહાનુભાવો પણ ખાસ જીપમાં સવાર થઈ રથયાત્રામાં જોડાયા હતા.

## પીએમ મોદીએ પ્રસાદ મોકલી શુભેચ્છા આપી

આજે શહેરમાં ૧૪૨મી જગન્નાથ રથયાત્રાના પાવન પ્રસંગે પીએમ મોદીએ પણ જય જગન્નાથ કહી શુભકામના પાઠવી હતી. પીએમએ તેની સાથે સાથે રથયાત્રા માટે મગ, જાંબુ અને કેરીનો પ્રસાદ પણ મોકલ્યો હતો. વડાપ્રધાન મોદીએ મોકલેલો પ્રસાદ રથયાત્રાની પૂર્વ સંધ્યાએ મંદિરમાં મળી ગયો હતો. આ અંગે મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે રથયાત્રાનો પ્રસાદ મોકલવામાં આવે છે. જે રથયાત્રાની પૂર્વ સંધ્યાએ મંદિરમાં મળી જાય છે. તેઓ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી લઈને અત્યાર સુધી પરંપરાગત રીતે મગ, જાંબુ અને કેરીનો પ્રસાદ મોકલતા રહ્યા છે. નરેન્દ્ર મોદી જ્યારે પણ રથયાત્રાના દર્શન કરવા માટે રૂબરૂ ન આવી શકે ત્યારે તેઓ આ પ્રસાદ મોકલાવે છે. અમદાવાદના જગન્નાથ મંદિર સાથે નરેન્દ્ર મોદીનો વરસો જુનો સંબંધ રહ્યો છે. ૧૪૨મી રથયાત્રા નિમિત્તે પીએમ મોદીએ ભગવાન જગન્નાથજીના શુભ પ્રસંગે શુભકામનાઓ આપતા ટ્વિટ કર્યું હતું કે, અષાઢી બીજ અને કચ્છી નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ. આવનારું વર્ષ સૌકોઈ માટે ખુશી અને સમૃદ્ધિમય બન રહે અને દરેકની આશા પરિપૂર્ણ થાય.

### જગતના નાથ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચી હતી આ તબક્કે વેપારી આગેવાનોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ રથયાત્રા સે-૧૭ ના હનુમાન મંદિરે પહોંચી હતી જયાં મંદિરના પુજારીએ આરતી ઉતારી રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. જયાંથી આગળ વધીને ભગવાનનો રથ સે-૧૬ માં નાગરિક બેંક પાસે પહોંચ્યો હતો. અંદાજિત ૧.૫ કી મી લાંબી રથયાત્રાનુ આ સ્થળે હોટલ એસોસિએશનના સભ્યો તેમજ સ્થાનિક વેપારીઓએ સ્વાગત કર્યુ હતુ. જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે સેકટરોમાં અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાયુ હતુ.સે-૧૬ માં ડિ જેની સુરાવલી અને બેન્ડ તેમજ ઢોલીઓના ધબકાર વચ્ચે ભગવાનની રથયાત્રા આવી પહોંચતા શોપિંગમાં વેપારી આગેવાનોએ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. કાકડી મગ અને જાંબુના પ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સેકટરના તિરુપતિ મંદિર પાસે રથયાત્રાનુ મંદિરના પુજારી તેમજ સ્થાનિક રહીશોએ સ્વાગત કર્યુ હતુ. જયાંથી સેકટરના આંતરિક માર્ગ પર થઈને રથયાત્રા સે-૧૬ સ્થિત બ્રહ્મભવન પહોંચી હતી જયાં બ્રહ્મસમાજના આગેવાનો તેમજ હેપ્પી યુથ કલબે રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. રથયાત્રા જયાંથી રથયાત્રા આગળ વધતા રૂટમાં ફતુેપરાના ગ્રામજનો દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. ગ માર્ગ પર રથયાત્રા આગળ પ્રસ્થાન થતા સે-૧૨ માં રથયાત્રા પહોંચી હતી. યાત્રાળુઓને સાંઇનાથ મિત્ર મંડળ દ્વારા શરબત પીરસવામાં આવ્યુ હતુ. સે-૧૩ માં ભાવિકો મોટી સંખ્યામાં ભગવાનના દર્શન કરવા ઉમટી પડયા હતા. સે-૧૨ ની ચોકડી પાસે ભાવિકોએ યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ સે-૧૨માં પણ ભાજપના કાર્યકરોએ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરી પુજાવિધી કરી હતી. સેકટરમાં આગળ વધતી રથયાત્રાનુ રાજપુત સમાજના આગેવાનોએ સ્વાગત કર્યુ હતુ. રથયાત્રાના રૂટમાં સતત વરસાદના અમીછાંટણા થતા ભાવિકોની શ્રધ્ધા પણ બવેડાઈ હતી. સે-૧૨ ઉમિયા પાટીદાર સમાજે પણ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. જયાંથી રથયાત્રા આગળ વધીને સે-૬ માં પહોંચી હતી. જયાં સે-૬ વપારી મિત્ર મંડળે રોહીદાસ સેવા સમાજે રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. સે-૬ માં મોટી સંખ્યામાં ભગવાન જગન્નાથજીના દર્શન માટે ભાવિકો ઉમટી પડયા હતા. રથયાત્રામાં સામેલ ઘોડેસવાર યુવાનો પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. ભાવિકોએ શ્રીફળો વધેરીને રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. સે-૩:૬ પાસે પણ વસાહતીઓએ છાશનુ વિતરણ કર્યુ હતુ. રથયાત્રાના દર્શન માટે બહેનો તેમજ બાળકોની સંખ્યા પણ વિશેષ રહી હતી.જયાંથી આગળ વધતી રથયાત્રા ઘ-૨ પાસે પહોંચી હતી. જયાં જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રથયાત્રાનુ આરતી ઉતારી સ્વાગત અને પુજાવિધી કરાઈ હતી.સે-૨ ના રહીશોએ પણ ઉત્સાહભેર રથયાત્રાના ઓવારણા લીધા હતા.સે-૭ માં રથયાત્રા પહોંચતા મોટી સંખ્યામાં વેપારીઓ તેમજ ભાવિકો દર્શન માટે ઉમટી પડયા હતા. ડી જેના સુર અને બેન્ડની સુરાવલી વચ્ચે રથયાત્રાનો માહોલ જામ્યો હતો. સે-૭ માં પ્રવેશતી રથયાત્રાનુ લાયન્સ એન્ડ લાયોનેસ કલબ દ્વારા પણ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. સે- ૭ માં સંસ્કાર ગૃપ દ્વારા રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. આગળ વધતી રથયાત્રા સે-૮ માં પ્રવેશતી રથયાત્રાને ગાંધીનગર સમાચારે વધાવી હતી.જયાંથી રથયાત્રા આગળ વધીને એરફોર્સ, પોલીસ ભવન થઈને સે-૧૯ તરફ આગળ વધી હતી.સે-૨૦ અક્ષરધામ મંદિર દ્વારા પણ રથયાત્રાનુ ધમાકેદાર સ્વાગત કરાયુ હતુ. સે-૩૦ માં ગુરુદ્વારા તેમજ શોપિંગ સેન્ટર દ્વારા પણ રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. રથયાત્રા આગળ વધીને સે-૨૯ સ્થિત જલારામ ધામ ભગવાનના મોસાળમાં પહોંચી હતી. વિસામા દરમિયાન ભાવિકોને મોહનથાળ અને ખીચડીનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. વિસામા બાદ રથયાત્ર નિયત રૂટમાં આગળ વધીને સે-૨૮ દત્ત મંદિર થઈને સે-૨૭ ના શિવશક્તિ ચોક પાસેથી પસાર થઈ હતી.જય રણછોડના જયઘોષ વચ્ચે ભાવિકો ભક્તિમાં લીન થયેલા જોવા મળ્યા હતા. આગળ વધતી યાત્રાસે-૨૪:૨૫ આદર્શનગર થી આર્યસમાજ મંદિર પાસે પહોંચી હતી. ત્યારબાદ સે-૨૪ માં પણ ભકતોનુ ઘોડાપુર ઉમટયુ હતુ. રથયાત્રા સે-૨૩ સ્વામિનારાયણ મંદિર પાસે આવતા મંદિર દ્વારા આરતી તેમજ પુજા વિધી કરી રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. સે-૨૩ થી સે-૨૨ આર્યુવેદિક હોસ્પિટલ તરફના માર્ગ પર રથયાત્રા આગળ વધી હતી. જયાંથી સે-૨૧ વૈજનાથ મહાદેવ તરફ ભગવાનનો રથ આગળ વધ્યો હતો. ત્યારબાદ સે-૨૧ જિલ્લા પુસ્તકાલય અને શાકમાર્કેટ વિસ્તારમાંથી આગળ વધતી રથયાત્રા સેકટરના અંબાજી મંદિર થઈને નિજમંદિરે પરત ફરી હતી. પંચદેવ મંદિરે ભગવાનની પુજા અર્ચના કરવામાં આવી હતી. સવારથી પ્રસ્થાન થયેલી રથયાત્રા પર મેઘરાજાએ હેત વરસાવ્યુ હતુ. સેકટરે સેકટરે રથયાત્રા પર સતત વરસાદી છાંટણા થયા હતા. ભીંજારાના માહોલ વચ્ચે ભાવિકોએ પણ ઠંડક અનુભવી હતી. રથયાત્રા શાંતિપુર્ણ અને ઉલ્લાસપુર્વ સંપન્ન થઈ હતી.

### ચોમાસુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩ જુલાઈની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ વર્ષે વરસાદની સ્થિતિ સારી જરૂર હોવાનું મનાઈ રહ્યુ છે. ૨૦૧૫માં જિલ્લામાં ચોમાસા દરમ્યાન ૮૭ ટકા વરસાદ નોંધાયો હતો તો ૨૦૧૬માં તે ૯૩ ટકા, ૨૦૧૭માં ૧૫૯ ટકા અને ૨૦૧૮માં ૪૪ ટકા વરસાદ ચોમાસા દરમ્યાન નોંધાયો હતો.૩ જુલાઈની સ્થિતિએ ૨૦૧૬માં ૧.૯૩ ટકા, ૨૦૧૭માં ૧૭.૪૧ ટકા, ૨૦૧૮માં ૨.૮૩ ટકા જ્યારે ૩ જુલાઈ ૨૦૧૯ સુધીમાં જિલ્લામાં ૧૪.૯૬ ટકા વરસાદ નોંધાયો છે. આગામી દિવસોમાં ચોમાસુ સક્રિય થતાં જિલ્લામાં ખેતી ક્ષેત્રે પ્રવૃતિઓનો ધમધમાટ વધી જશે.

### અપેક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાશે. રોજગાર પર ખાસ ધ્યાન રહેશે. નાણાંપ્રધાન આવકવેરા સલેબમાં કેટલાક ફેરફાર કરી શકે છે. હાલમાં અઢી લાખ સુધીની આવક કરમુક્ત છે. કોર્પોરેટ ટેક્સ રેટને ઘટાડી દેવામાં આવે તેવી શક્યતા છે. આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય તમામ જરૂરી સેક્ટરોની માગને પૂર્ણ કરવા માટે જેટલી સંતુલિત પ્રયાસ કરે તેમ માનવામાં આવે છે. હાલના વર્ષોમાં સામાન્ય લોકો નોટબંધી અને જીએસટીના કારણે ખુબ મુશ્કેલીમાંથી પસાર થઈ ચુક્યા છે. જેથી તેમના માટે પણ કેટલીક આકર્ષક રાહત જાહેર કરવામાં આવી શકે છે.

### આર્થિક સર્વેક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રયાસ કરવામાં આવ્યા છે. આર્થિક સર્વેમાં ૨૦૧૯-૨૦માં જીડીપીનો વૃદ્ધિદર સાત ટકા રહેવાનો અંદાજ છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં જીડીપીનો વૃદ્ધિદર ૬. ટકા રહ્યો હતો. આર્થિક સર્વેમાં આર્થિક વૃદ્ધિ માટે સારી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. દેશને ૨૦૨૪-૨૫ સુધી ૫૦૦૦ અબજ અમેરિકી ડોલરના અર્થતંત્ર બનાવવા માટે જીડીપીનો વૃદ્ધિદર સતત આઠ ટકા રાખવાની જરૂર રહેશે.

### હાફીઝ સામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમે અનેક વખત એવા લોકોની યાદી સોંપી ચુક્યા છે જે પાકિસ્તાનમાં રહે છે. ભારતને સોંપવાની માંગ પણ વિતેલા વર્ષોમાં કરવામાં આવી ચુકી છે. પાકિસ્તાન આતંકવાદની સામે કાર્યવાહીનો દાવો કરે છે પરંતુ એવા લોકો ઉપર કાર્યવાહી કરવા માટે કહેવામાં આવે છે ત્યારે કોઈ પગલા લેવામાં આવતા નથી. આંતરરાષ્ટ્રીય સમુદાયની સામે દેખાવો કરવાના પ્રયાસ કરવામાં આવે છે. પાકિસ્તાને ત્રાસવાદ સામે બેવડા માપદંડ અપનાવ્યા છે.